ભારતે રિસેટ-૧ને તરતો મૂક્યો

શ્રીહરિકોટા, તા.૨૬

અગ્નિ-૫ મિસાઈલના સફળ પરીક્ષણ બાદ ભારતે આજે વધુ એક મોટી સિદ્ધિ હાસલ કરી લીધી હતી. ભારતે તમામ હવામાનમાં કામ કરી શકે તેવા પ્રથમ સ્વદેશી રડાર ઇમેઝિંગ સેટેલાઈટ (રિસેટ-૧)ને સફળ રીતે લોંચ કરતા ખુશીનું મોજુ ફરી વળ્યુ હતું. ઈસરોએ આને પીએસએલવી-સી-૧૯ મારફતે આને લોંચ કરતા ઉપસ્થિત વૈજ્ઞાનિકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યુ હતું. આ સેટેલાઈટ દરેક પ્રકારના હવામાનમાં ફોટાઓ પાડવામાં સક્ષમ છે. વરસાદ, તીવ્ર ગરમી અને ધુમ્મસની સ્થિતિમાં પણ આ સેટેલાઈટ ફોટા પાડી શકે છે. વડા પ્રધાન મનમોહનસિંહે રિસેટ-૧ના સફળ લોંચના પ્રસંશા કરી છે અને આ પ્રોજેક્ટ સાથે સકંળાયેલા વૈજ્ઞાનિકો અને નિષ્ણાંતોને શુભેચ્છા આપી છે. રિસેટ-૧ દ્વારા પાડવામાં આવનાર ફોટાઓ કૃષિ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના ક્ષેત્રમાં ઉપયોગી કરી શકાશે.

શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી પીએસએલવી-સી-૧૯ મારફતે ૧૮૫૮ કિલોગ્રામના વજનવાળા દેશના પ્રથમ માઈક્રોવેવ રિમોટ સેન્સિગ સેટેલાઈટને ૭૧ કલાક સુધી કાઉન્ટડાઉન ચાલ્યા બાદ સવારે ૫.૪૭ વાગે લોંચ કરવામાં આવતા ઉપસ્થિત વૈજ્ઞાનિકોમાં રાહતનું મોજુ ફરી વળ્યું હતું. ૫.૪૭ મિનિટે આને લોંચ કરવાના આવ્યાના ૧૯ મિનિટ બાદ આ સેટેલાઈટ નિર્ધારિત પરિભ્રમણ ચર્ચામાં ગોઠવાઈ જતા મોટી રાહત થઈ હતી. પીએસએલવીએ રિસેટ-૧ના લોંચના સાથે જ પોતાની ૨૦ સફળ ઉડાણ પુરી કરી લીધી છે. આને સાથે જ ફરિ એકવાર પોતાની વિશ્વસનિયતા સાબિત કરી છે. આના દ્વારા સ્થાપિત કરવામાં આવેલા ઉપગ્રહો પૈકી આ સૌથી ભારે ઉપગ્રહો છે. રિસેટ-૧ ઈશરોના ૧૦ વર્ષના પ્રયાસોનું પરિણામ છે. રિસેટ-૧ પાસે અતિ આધુનિક સુવિધાઓ છે. તે દિન રાત અને વાદળોમાં પણ જમીનના ફોટાઓ પાડવામાં સક્ષમ છે. હજુ સુધી ભારત કેનેડાના ઉપગ્રહોના ફોટાઓ ઉપર આધારિત હતુ કારણ કે સ્થાનિક રિમો સેન્સિંગ સેટેલાઈટ વાદળોમાં જમીનના ફોટાઓ લઈ શકવાની સ્થિતિમાં ન હતા. ઈસરોના અધ્યક્ષ કે રાધાકૃષ્ણને કહ્યું છે કે ૪૪ મીટર લાંબા રોકેટે શાનદાર રીતે ઉડાણ ભરીને આકાશમાં પ્રવેશ કરી લેવામાં સફળતા મેળવી હતી. આ મિશનને મોટી સફળતા હાથ લાગી છે. સેટેલાઈટના ઓર્બિટમાં સ્થાપિત થવાની સાથે જ કંટ્રોલ રૂમમાં બેઠેલા વૈજ્ઞાનિકોમાં ખુશીનુ મોજુ ફરિ વળ્યુ હતું. ખુશખુસાલ દેખાઈ રહેલા રાધાકૃષ્ણએ કહ્યું હતું કે તેઓને આ જાહેરાત કરતા ખુશી થઈ રહી છે કે પીએસએલવીસી-૧૯ મિશન એક મોટી સફળતા છે. પીએસએલવીની આ સતત ૨૦મી આ સફળ ઉડાણ હતી. પીએસએલવીએ ભારતના પ્રથમ રડાર ઈમેઝિંગ સેટેલાઈટને યોગ્ય રીતે નક્કી કરવામાં આવેલી પરીભ્રમણ કક્ષામાં મુકી દેવા સસ્પેન્સનો અંત આવ્યો હતો. ભારતે વર્ષ ૨૦૦૯માં તમામ હવામાનનમાં કામ કરી શકે તેવા એક અન્ય રડાર ઈમેઝિંગ સેટેલાઈટ (રિસેટ-૨)નું સફળ પરીક્ષણ કર્યુ હતું. પરંતુ આને નજર રાખવાના હેતુથી ઈઝરાઈલ પાસેથી ૧૧ કરોડ અમેરિકી ડોલરમાં ખરીદી કરવામાં આવી હતી.

કેન્દ્ર સરકારના વિભાગોમાં ૪૪૦૦૦ જગ્યાઓ ખાલી

નવી દિલ્હી, તા.૨૬

રાજયસાભામાં આજે માહિતી આપવામાં આવી હતી કે કેન્દ્ર સરકારના વિભાગોમાં અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને પછાત જાતિઓ માટે ૪૪૦૦૦ જગ્યાઓ ખાલી પડેલી છે. રાજયસભામાં એક લેખિત પ્રશ્નોના જવામાં અંગત બાબતો, જાહેર ફરિયાદ નિવારણ અને પેન્શન બાબતોના પ્રધાન વી. નારાયણ સ્વામીએ કહ્યું હતું કે એસસી, એસટી અને ઓબીસી માટેની અનામત રહેલી ખાલી જગ્યાઓને ભરવા માટે ૨૦૦૮માં ખાસ ભરતી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ૭૪ મંત્રાલયો અથવાતો વિભાગો પાસેથી મળેલી માહિતી મુજબ ૭૭૯૯૮ બેકલોગ અનામત જગ્યાઓ પહેલી નવેમ્બર ૨૦૦૮ના આંકડા મુજબ ઓળખી કાઢવામાં આવી હતી. જે પૈકી ૩૦મી જુન ૨૦૧૧ સુધી ૩૩૭૮૬ બેકલોગની અનામત જગ્યાઓ ભરી કાઢવામાં આવી હતી. તેમણે ઉમેર્યું હતું કે ભરતી ઝુંબેશની પ્રકિયા ફરી એકવાર હાથ ધરવામાં આવી હતી. આ વર્ષે માર્ચ સુધીમાં તમામ બાકી રહેલી અનામત જગ્યાઓને ભરી કાઢવા માટે તમામ કેન્દ્રીય મંત્રાલયોને કહેવામાં આવ્યું હતું. મંત્રાલયો અથવા તો વિભાગોને ૩૦મી એપ્રિલ ૨૦૧૨ સુધી અંતિમ પ્રગતિ અહેવાલ રજુ કરવા માટે કહેવામાં આવ્યું છે. હજુ પણ મોટા પાયે ખાલી જગ્યાઓ પડેલી છે.

સંસદના બંને ગૃહો બોફોર્સ કાંડના કારણે આજે હચમચી ઉઠયા

નવી દિલ્હી,તા. ૨૬

સંસદના બંને ગૃહો બોફોર્સ કાંડના કારણે આજે હચમચી ઉઠ્યા હતા. ભારે ધાંધલ ધમાલ વચ્ચે કાર્યવાહીને મોકુફ કરવાની ફરજ પડી હતી. લોકસભા અને રાજ્યસભા બંનેમાં બોફોર્સકાંડની ગુંજ જોવા મળી હતી. તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધીની ગાળા દરમ્યાન બોફોર્સ તોપની ખરીદી કરવામાં આવી હતી. આ તોપ સોદાબાજીમાં કટકીના આક્ષેપ નવેસરથી થયા બાદ સંસદમાં હોબાળો શરૂ થઈ ગયો છે. ભૂતપુર્વ સ્વીડીશ પોલીસ વડાએ એવો ધડાકો કર્યો હતો કે તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધીએ બોફોર્સ તોપ સોદાબાજીમાં કોઈપણ કટકી લીધી ન હતી પરંતુ તેઓએ ઈટાલિયન વેપારી એટ્ટાવિયો ક્વાત્રોચીને બચાવવાના પ્રયાસો કર્યા હતા. ડાબેરીઓએ આ કેસને આજે ફરીથી ખોલવાની માંગણી કરી હતી. કોંગ્રેસના નેતા સંજીય નિરૂપમે સરાકરનો જોરદાર બચાવ કર્યો હતો. અને કહ્યું હતું કે કોઈપણ સંજોગો હેઠળ કેસ ફરીથી ખોલવો જોઈએ નહીં. ભારે ધાંધલ ધમાલ વચ્ચે લોકસભા અને રાજ્યસભામાં આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર ચાલ્યો હતો. રાજ્યસભામાં વિપક્ષના નેતા અરૂણ જેટલીએ આ મામલો ઉઠાવ્યો હતો. અધ્યક્ષની વાત સાંભળવાનો વિપક્ષ અને શાસક પક્ષે ઈન્કાર કરી દેતા કાર્યવાહી સૌથી પહેલા ૨.૦૦ વાગે મોકુફ કરાઈ હતી. અગાઉ ભાજપ અને અન્નાદ્રમુખ દ્વારા વિરોધ કરવામાં આવતા રાજ્યસભાની કાર્યવાહી બે વખત મોકુફ કરાઈ હતી. બન્ને

પક્ષોના નેતાઓએ સ્વીડીશ પોલીસ વડાના નિવેદનની કોપી રજુ કરી હતી. જેમાં જણાવવામાં આવ્યું હતું કે રાજીવ ગાંધીએ ક્વાત્રોચીને બચાવી લેવાના પ્રયાસ કર્યા હતા. ક્વાત્રોચીએ તોપ સોદાબાજીમાં જંગી કટકી લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯૮૬માં ભારતે સ્વીડન પાસેથી ૪૦૦ બોફોર્સ તોપ ખરીદવા માટે સોદાબાજી કરી હતી જેની કિંમત આશરે એક અબજ ૩૦ કરોડ ડૉલર હતી. મોડેથી એક અગ્રણી અંગ્રેજી અખબારે પોતાના અહેવાલમાં કહ્યું હતું કે આ તોપ સોદાબાજીમાં ૬૪ કરોડ રૂપિયાની લાંચ આપવામાં આવી હતી. આ બોફોર્સ તોપ સોદાબાજીમાં રાજકીય ભૂકંપ આવ્યો હતો અને ૧૯૮૯માં રાજીવ ગાંધીની કોંગ્રેસ પાર્ટી લોકસભાની ચૂંટણીમાં ખરાબ રીતે હારી ગઈ હતી. ભાજપે ગઈકાલે જ સંસદમાં આ મામલો ઉઠાવવાની જાહેરાત કરી હતી. અમિતાભ અને રાજીવ ગાંધીને આ મામલામાં ક્લિનચીટ મળી ગઈ હતી.

શેરબજારમાં બીજા દિવસે મંદી જારી સેન્સેક્સ ૨૧ પોઇન્ટ ઘટયો

મુંબઈ,તા. ૨૬

શેરબજારમાં આજે સતત બીજા દિવસે મંદી રહી હતી. કારોબારના અંતે સેન્સેક્સ અનેક નકારાત્મક પરિબળોની અસર વચ્ચે ૨૧ પોઈન્ટ ઘટીને ૧૭૧૩૧ની સપાટીએ રહ્યો હતો. એચડીએફસી બેંક, હિરો મોટો કોર્પ, બજાજ ઓટો જેવા શેરમાં તીવ્ર ઘટાડાના કારણે બીએસઈ સેન્સેક્સમાં મોટો કડાકો બોલી ગયો હતો. ગઈકાલે સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સે ભારતના આઉટલુકને ઘટાડી દેતા તેની સીધી અસર જોવા મળી હતી. વૈશ્વિક રેટિંગ સંસ્થાએ સાફ

શબ્દોમાં કહ્યું હતું કે ભારતમાં વિકાસની ગતિ ધીમી પડી છે અને રોકાણમાં પણ ઘટાડો થયો છે. અન્ય અનેક પરિબળો પણ આજે જોવા મળ્યા હતા. અગાઉના સેશનમાં ૫૬ પોઈન્ટનો ઘટાડો થયા બાદ સેન્સેકસમાં વધુ ઘટાડો થયો હતો. બ્રોકરોએ કહ્યું છે કે ઘટતા જતા પ્રવાહ માટે વૈશ્વિક રેટિંગ સંસ્થાએ અન્ય કારણો પણ ગણાવ્યા હતા. દરિમિયાન નિફ્ટી ૧ ઉપોઈન્ટ ઘટીને ૫૧૮૯ની સપાટીએ રહ્યો હતો. પાવર અને રીયાલિટી સેક્ટરના શેરમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સના જે શેરમાં મોટો ઘટાડો રહ્યો હતો તેમાં હિરો મોટો કોર્પ, બજાજ ઓટો, તાતા મોટર્સ, મારૂતિ સુઝુકી, ગેઈલ ઈન્ડિયા, હિન્ડાલ્કો, ડીએલએફ લિમીટેડ, તાતા પાવર, એનટીપીસી, ભારતી એરટેલ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાઅને સ્ટરલાઈટનો સમાવેશ થાય છે. જો કે ઈન્ડેક્સમાં બે પ્રભુત્વ ધરાવતા શેરમાં સુધારો થયો હતો. રીલાયન્સમાં ૧.૨૪ ટકાનો સુધારો થયો હતો.

તિરસ્કાર કેસમાં પાક વડાપ્રધાન ગિલાની દોષિત જાહેર

ઈસ્લામાબાદ, ૨૬

પાકિસ્તાની સુપ્રિમકોર્ટ પ્રમુખ આસિફ અલી જરદારી સામે ભ્રષ્ટાચારના કેસો ફરી ખોલવાના તેના આદેશોને નહી પાડવા બદલ કોર્ટના તિરસ્કાર સાથે સંબંધિત કેસમાં વડાપ્રધાન યુસુફ રજા ગિલાનીને દોષિત ઠેરવ્યા હતા. જો કે માત્ર ૩૦ સેકેન્ડની પ્રતિક સજા કરવામાં આવી હતી. પાકિસ્તાનના ઈતિહાસમાં પ્રથમ વખત વડાપ્રધાનને તિરસ્કારના કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. જો કે ૩૦ સેકેન્ડની પ્રતિક સજાને લઈને તમામ લોકોમાં ચર્ચા શરૂ થઈ ગઈ હતી. પાકિસ્તાની ટીવી ચેનલોએ માહિતી આપતા કહ્યું હતું કે ગિલાનીને જેલની સજા ફટાકારવામાં આવી ન હતી. આના બદલે કોર્ટે ૩૦ સેકેન્ડ માટેની પ્રતિક સજા કરી હતી. ગિલાનીની સાથે સાથે તેમના સમર્થકો પણ હતા. અને ખુશાલ મુડમાં કોર્ટની બહાર નિકળ્યા હતા. પાકિસ્તાનની મિડીયામાં એહવાલમાં જણાવવામાં આવ્યુ છે કે પાકિસ્તાની સુપ્રિમકોર્ટની ચુકાદા બાદ ગિલાની સંસદના સભ્ય તરીકે ગેરલાયક જાહેર થઈ ગયા છે. અગાઉ મંગળવારે જસ્ટિસ નાસિર-ઉલ-મુલ્કના નેતૃત્વમાં ૭જજની બેંચે આ કેસમાં ચુકાદો અનામત રાખ્યોહતો. રિફેન્સ અને પ્રોસીક્યુશન દ્વારા જોરદાર દલિલો

કરવામાં આવી હતી. બંને પક્ષોની દલિલો સાંભળ્યા બાદ ૭જજને બેંચે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. જસ્ટિસ નાસિર-ઉલ-મુલ્કે ગિલાનીના વકીલ એતઝાજ અહસાનને એવી ખાતરી કરવા કહ્યું હતું કે ગુરુવારના દિવસે જયારે કોર્ટનો ચુકાદો આપવામાં આવે ત્યારે ગિલાની ઉપસ્થિત રહે અને અગાઉના આદેશ મુજબ જ ગિલાની આજે સવારે કોર્ટમાં ઉપસ્થિત થઈ ગયા હતા. સુપ્રિમ કોર્ટે ડિસેમ્બર ૨૦૦૯ બાદથી સ્વીઝરલેન્ડમાં જરદારી સામે મણીલોન્ડ્રીંગના કેસોને પુનઃ સજીવન કરવા સરકાર ઉપર દબાણ લાવ્યું હતું. સાથે સાથે સરકારને ભ્રષ્ટાચારના કેસો ખોલવા માટે પણ કહ્યુ હતું. ભુતપૂર્વ લશકરી સાશક પરવેઝ મુશર્રફ દ્વારા જરદારીને ખાસ યોજના હેઠલ માફી આપી હતી.

ગિલાનીએ સુપ્રિમ કોર્ટના આદેશને માનવાનો ઈનકાર કરી દીધો હતો અને કહ્યું હતું કે પ્રમુખ પાકિસ્તાનની અંદર અને વિદેશમાં ઘણી સત્તાઓ ધરાવે છે. ગિલાની અગાઉ પણ બે વખત સુપ્રિમ કોર્ટમાં ઉપસ્થિત થયા હતા. તેઓએ આ કેસ લડવાનો નિર્ણય કર્યો હતો. ૧૩ ફેબ્રુઆરીના દિવસે ગિલાની સામે વિધિવત રીતે કોર્ટના તિરસ્કારના આરોપો મુકવામાં આવ્યા હતા. પાકિસ્તાનના ગિલાનીને દોષિત ઠેરવવામાં આવ્યા બાદ એકબાજુ રાજકિય ચર્ચા છે. સાથે સાથે ટ્વિટર ઉપર પણ આની ચર્ચા છે.

નરેન્દ્ર મોદીને વિઝા સંદર્ભે નિતિમાં ફેરફાર થયો નથી

વોશિંગટન, તા.૨૬

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અમેરિકી મેગેઝિન ટાઈમના કવર ઉપર ચોક્કસપણે છવાઈ ગયા છે. પરંતુ અમેરિકી જમીન ઉપર પહોંચવાનું તેમનું સ્વપ્નન પૂર્ણ થાય તેવું દેખાઈ રહ્યું નથી. અમેરિકાએ સ્પષ્ટતા કરી છે કે નરેન્દ્ર મોદીને લઈને પોતાની વિઝા નિતિમાં કોઈ ફેરફાર કરવામા આવ્યો નથી. આનો મતલબ એ થયો કે નરેન્દ્ર મોદીને વિઝા આપવાનો અમેરિકાએ પરોક્ષ રીતે ઈન્કાર કરી દીધો છે. છેલ્લા કેટલાક દિવસથી એવી ચર્ચા ચાલી રહી હતી કે અમેરિકા નરેન્દ્ર મોદીને વિઝા આપવાની નિતિમાં ફેરફાર કરી શકે છે. આ ચર્ચાઓના દોર વચ્ચે અમેરિકી સાંસદ જો વાલ્સે અમેરિકી સરકારને પત્ર લખ્યો હતો. જેમાં તેઓએ મોદીને અમેરિકી વિઝા જારી કરવાને લઈને વર્ષ ૨૦૦૫ના નિર્ણયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો છે કે કેમ તેવો પ્રશ્નો કર્યો હતો. આ પત્ર એક સપ્તાહ પહેલા લખવામાં આવ્યો હતો. આ પત્રના મામલામાં અમેરિકી વિદેશ વિભાગમાં પ્રવક્તા વિક્ટોરીયા નુલેન્ડે જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે વિઝા મામલામાં કોઈપણ ફેરફાર કરવામં આવ્યો નથી. ૨૦૦૫ની પોતાની નિતિમાં કોઈ ફેરફાર કરાયો હોવાનો તેઓએ ઈન્કાર કર્યો હતો. નરેન્દ્ર મોદીને વિઝા આપવા જોઈએ છે કે કેમ તેને લઈને અમેરિકામાં રહેતા ભારતીઓમાં હાલ ચર્ચા ચાલી રહી હતી. નરેન્દ્ર મોદીના સમર્થકોએ અમેરિકામાં તેમને વિઝા આપવા માટે જોરદાર લોબી પણ ચલાવી હતી. બીજી બાજુ અમેરિકી ટાઈમ મેગેઝિનના કવર પર મોદી છવાઈ ગયા બાદ તેમના સમર્થકોને વધુ તાકાત મળી હતી. અને તેઓ મોદીના વિઝા માટે વધુ સક્રિય બન્યા હતા. બીજી બાજુ કેટલાક રૂઢિવાદી લોકોએ મોદીને વિઝા ના આપવાની રજુઆત પણ કરી હતી.

બીજેડી ધારાસભ્ય ઝીણા હિક્કાની સવારે માઓવાદીઓ દ્વારા મુકિત

ભુવનેશ્વર, તા. ૨૬

અપહરણ કરવામાં આવેલા ઓરિસ્સાના બીજેડી ધારાસભ્ય ઝીણા હિક્કાને આજે સવારે માઓવાદીઓએ મુક્ત કરી દેતાં છેલ્લા એક મહિનાથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. એક મહિનાથી પણ વધુ સમયના ગાળાથી ઝીણા હિક્કા માઓવાદીઓના સંકજામાં હતા. આજે સવારે અગાઉ કરવામાં આવેલી જાહેરાત

મુજબ જ ઝીણા હિક્કાને રાજયના કોરાપુત જિલ્લામાં છોડી દેવામાં આવ્યા હતા. પત્રકારો અને ફોટોગ્રાફરો માઓવાદીઓના સંકજામાંથી મુક્ત થયેલા ઝીણા હિક્કાના ફોટાઓ પાડવા અને માહિતી મેળવવા વહેલી સવારથી પહોંચી ગયા હતા. ઝીણા હિક્કા સ્વસ્થ દેખાઈ રહ્યા હતા. સવારે ૧૦.૩૦ વાગે ભુવનેશ્વરથી આશરે ૫૦૦ કિલોમીટરના અંતરે સ્થિત બાલીપેટામાં એક કેરીના બગીચામાં ગામના લોકો સાથે પહોંચ્યા હતા. ૩૭ વર્ષીય બીજુ જનતાદળના ધારાસભ્ય બહાર આવ્યા બાદ ભાવનાશીલ દેશ્યો સર્જાયા હતા. તેમની સાથે તેમના પત્નિ કૌશલ્યા પણ પત્રકારો સમક્ષ ઉપસ્થિત રહ્યા હતા. પક્ષના અન્ય એક નેતા વિજયંત પાંડાએ કહ્યું હતું કે ઝીણા હિક્કા સંપૂર્ણ સુરક્ષિત અને સલામત છે. તેને લઈને અમે ખુશ છીએ. ૨૪મી માર્ચના દિવસે માઓવાદીઓએ કોરાપુતમાં લક્ષ્મીપુર ખાતેથી ઝીણા હિક્કાનું અપહરણ કરી દીધું હતું. માઓવાદીઓએ ગઈકાલે જાહેરાત કરી હતી કે ઝીણા હિક્કાને છોડી મૂકવા માટે અમે તૈયાર થઈ ચૂક્યા છીએ. ઝીણા હિક્કાએ બળવાખોરો સમક્ષ માફી માંગી હોવાના અહેવાલ પણ આવી રહ્યા છે. સ્થાનિક ટીવી ચેનલ દ્વારા પ્રસારિત કરવામાં આવેલા એક ઓડિયો સંદેશમાં માઓવાદી લીડરે કહ્યું હતું કે વિધાનસભામાંથી રાજીનામું આપી દેવા ઝીણા હિક્કાએ તૈયારી બતાવી છે જેથી તેમને મુક્ત કરવામાં આવી રહ્યા છે. બીજેડીના પ્રાથમિક સભ્યપદેથી પણ ઝીણા હિક્કા રાજીનામું આપશે.

હૈદરાબાદ ઓફિસમાંથી ૨૦૦ કર્મીની હકાલપટ્ટી

હૈદરાબાદ,તા. ૨૬

છેલ્લા બે દિવસમાં એચએસબીસી ઈન્ડિયાએ મોટા ભાગે લોફની કવાયત હાથ ધરી છે. મળેલી માહિતી મુજબ હૈદરાબાદની ઓફિસમાંથી ૨૦૦ કર્મચારીઓની હકાલપટ્ટી કરવામાં આવી છે. જેમાં સહાયક મેનેજરોથી લઈને સામાન્ય કર્મચારીઓનો સમાવેશ થાય છે. એચએસબીસીની આ હિલચાલને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. માત્ર હૈદરાબાદની ઓફિસમાંથી જ નહી બલ્કે પુણેની ઓફિસમાંથી પણ ૩૫૦ કર્મચારીઓની હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. કુલ ૭૫૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મુકવામાં આવ્યા છે. છેલ્લા બે દિવસમાં સહાયક મેનેજરોથી લઈને વાઈસ પ્રેસિડન્ટ સુધીના હોદ્દા ધરાવતા કર્મચારીઓને હાકી કાઢવામાં આવ્યા છે. કંપનીના ટોચના અધિકારીઓએ આ વાતચીત કર્યા બાદ તેમની હકાલપટ્ટીના આદેશો જારી કર્યા હતા. આટલી મોટી સંખ્યામાં કર્મચારીઓની હકાલપટ્ટી કરવાના સંબંધમાં કોઈ કારણ જાણી શકાયા નથી.

લેઓફ આપવા માટે ખાસ શરતો તૈયાર કરવામાં આવી છે. નવી ભરતીના સંબંધમાં કોઈ નિયમો જારી કરાયા નથી. એચએસબીસી નવી વ્યુહરચાન સાથે આગળ વધવા માંગે છે.

મજબૂત લોકપાલના મામલે અણ્ણાની પક્ષોની સાથે બેઠક

મુંબઈ,તા. ૨૬

મજબુત લોકપાલના મામલે સુચિત રાજયના પ્રવાસ પહેલા જ સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ આ જટિલ મામલે રાજકીય સર્વસંમતિ સાધવાના હેતુથી તમામ રાજકીય પક્ષોની સાથે બે દિવસીય બેઠક શરૂ કરી દીધી છે. સત્તાવાર અધિકારીએ

માહિતી આપતા કહ્યું છે કે વાતચીતની પ્રકિયાના ભાગરૂપે તેમના વતન ગામ રાલેગણ સિદ્ધીથી આવી પહોંચ્યા બાદ અણ્ણાએ બુધવારે મોડી રાત્રે રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયાના નેતા રામદોસ અઠવાલે સાથે વાતચીત કરી હતી. હજારે આજે સવારે મહારાષ્ટ્ર કોંગ્રેસના વડા માણિકરાવ ઠાકરે અને મુખ્યપ્રદાન પૃથ્વીરાજ ચવ્વાણને મળ્યા હતા. તેઓ નાયબ મુખ્યપ્રધાન અજિત પવાર અને ગૃહ પ્રધાન આરઆર પાટિલને પણ મળ્યા હતા. અણ્ણા હજારે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેને મળ્યા હતા. અણ્ણા ભાજપના વરિષ્ઠ નેતાઓને પણ મળવા ઈચ્છુક છે. મહારાષ્ટ્રમાં મજબુત લોકાયુક્ત માટે ટેકો એકત્રિત કરવાના ઈરાદાથી અને લોકોમાં જાગૃતિ જગાવવાના હેતુથી પહેલી મેના દિવસથી અણ્ણા હજારે રાજ્ય વ્યાપી પ્રવાસ કરનાર છે. ગયા મહિને અણ્ણાએ મુખ્યપ્રધાન ચવ્વાણને પત્ર લખીને મજબુત લોકાયુક્તની રચના કરવાની માંગ કરી હતી.હજારેએ પત્રમાં કહ્યું હતું કે લોકાયુક્ત બિલના મુસદ્દાને માત્ર સરકાર તૈયાર કરે તે જરૂરી નથી. મુસદ્દો તૈયાર કરતી વેળા સિવિલ સોસાયટીના લોકોના પણ મત લેવા જેઈઓ. તેમની પણ આમાં ભાગીદારી હોવી જોઈએ. અહેમદનગર જિલ્લામાં શિરડી ખાતેથી તેમની યાત્રા શરૂ થયા બાદ પાંચ સપ્તાહ સુધી ચાલશે અને છઠ્ઠી જુન સુધી પૂર્ણ થશે.

મહારાષ્ટ્રમાં માઓવાદી આંતક : બેની હત્યા થઇ

નવી દિલ્હી,તા. ૨૬

દેશના જુદા જુદા રાજ્યોમાં માઓવાદી આતંક જારી છે. માઓવાદીઓએ ઓરિસ્સામાં બીજેડીના ધારાસભ્ય ઝીણા હિક્કાને છોડી મુકયાના કલાકો બાદ મહારાષ્ટ્રમાં આતંક મચાવ્યો હતો. માઓવાદીએ ત્રાટકીને ગામના બે લોકોની ઘાતકી હત્યા કરી દીધી હતી. જ્યારે અન્ય ૧૦ લોકોના અપહરણ કરી લીધા હતા. મહારાષ્ટ્રના ગઢચિરોલી વિસ્તારમાં માઓવાદીઓએ આંતક મચાવ્યો હતો. આ વિસ્તારમાં વર્ષોથી માઓવાદી વર્ચસ્વ ધરાવે છે. અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે માઓવાદીઓએ આ વિસ્તારમાંથી સીઆરપીએફના જવાનોને પરત ખેંચી લેવાની જોરદાર માંગ કરી હતી. બનાવની જાણ થતા તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. રાજ્યમાં માઓવાદી હિંસાને રોકવા માટે તાજેતરના દિવસોમાં અનેક પગલા લેવામાં આવ્યા છે. છતાં હિંસા જારી રહી છે. અપહરણ કરવામાં આવેલા લોકોએંગેહજુસુધી કોઈ માહિતી મળી નથી. સમાચારને માઓવાદીઓએ સમર્થન આપી દીધુ છે.

કાળા નાણાં : વિદેશમાં આઠ આઈટી યુનિટ ટૂંકમાં સક્રિય

નવી દિલ્હી,તા. ૨૬

અમેરિકા, બ્રિટન અને જાપાન જેવા દેશોમાં તાજેતરમાં જ રચવામાં આવેલા ઈન્કમટેક્સ વિભાગના વિદેશી યુનિટો ટુંક સમયમાં સક્રિય થઈ જશે. પ્રથમ સેક્રેટરી તરીકે તેમની નિમણૂક કરવાના ઈરાદાથી આઠ વરિષ્ઠ આઈઆરએસ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે. કાળા નાંણાની સમસ્યાને દુર કરવા અને ગેરકાયદે ફંડ પર અંકુશ મુકવાના હેતુથી આ હિલચાલ હાથ ધરવામાં આવી છે. આ ઈન્કમ ટેક્સ અધિકારીઓની અવધિ ત્રણ વર્ષની રહેશે. આ તમામ મિશન વોશિંગ્ટન ડીસી (અમેરિકા), લંડન (યુકે, બર્લિન(જર્મની), પેરિસ(ફ્રાન્સ), હેગ (નેધરલેન્ડ), અબુ ધાબી (યુએઈ), સાઈપ્રસ(નિકોસિયા) અને જાપાન (ટોકિયો)માં ભારતીય મિશનમાંથી કામ કરશે. જાપાનમાં ઈન્ડિયન રેવેન્યુ સર્વિસ (આઈઆરએસ) અધિકારીને મોકલવા અંગે આદેશ જારી કરવામાં આવ્યો નથી. જ્યારે અન્યો માટે આદેશ જારી કરી દેવામાં આવ્યા છે. આ તમામ યુનિટો ખુબ વહેલી તકે શરૂ કરાશે. આ તમામ અધિકારીઓ તેમના નિયુક્ત સ્થળો પર એક સાથે ગોઠવાશે. નાણાં પ્રધાન પ્રણવ મુખરજીએ તેમના બજેટ ભાષણમાં આ આઈટી વિદેશી ઓફિસની રચાન કરવા પાછળ જંગી ફાળવણી કરવાની જાહેરાત કરી હતી. આ યુનિટો માટે તેમની પ્રાથમિક અંદાજપત્રીય ફાળવણી જંગી કરાઈ હતી. વર્તમાન વર્ષમાં ૧૮.૨૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

તાજેતરના દિવસોમાં કરચોરી અને કાળા નાણાં સાથે સંબંધિત મામલા સપાટીએ આવ્યા છે. જુદા જુદા હાઈ પ્રોફાઈલ કેસોમાં કરચોરીના કેસનો નિકાલ લાવી શકાયો નથી. નાણાં મંત્રાલયના અધિકારીએ કહ્યું છે કે આ યુનિટોમાં અધિકારીઓ વિદેશીમાંથી રોકાણકારોને પણ મદદરૂપ બનશે.

સિટીએ ૯૫૦ કરોડમાં મુંબઇમાં જગ્યા ખરીદી

મુંબઈ, તા. ૨૬

સિટી બેંકે દેશમાં હજુ સુધીની સૌથી મોટી વાણિજ્ય ઓફિસ જગ્યા સમજૂતિ કરી છે. સિટી બેંકે દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં બાંદ્રા-કુર્લા સંકુલમાં ૧૨ માળની ઈમારતમાં છઠ્ઠા માળ ઉપર ત્રણ લાખ સ્કવેર ફુટ માટે ૯૫૦ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. સિટી બેંકે આ મહાકાય સમજૂતિ કરતા મુંબઈમાં તેજીનો વધુ એક દાખલો સપાટી ઉપર આવ્યો છે. મળેલી માહિતી મુજબ સિટી બેંક ઈન્ડિયાએ ફર્સ્ટ ઈન્ટરનેશનલ ફાઈનાન્સીયલ સેન્ટર (એફઆઈએફસી) ટાવરમાં ૨.૯૭ લાખ સ્કવેર ફુટ જગ્યા

ખરીદી લિધી છે. આ ટાવરનું નિર્માણ કામ પુરનેદું ચેટર્જી પ્રમોટેડ-ટીસીજી અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ન્યૂયોર્ક સ્થિત રિયાલીટી કંપની દ્વારા કરવામાં આવ્યું હતું. નવેમ્બર ૨૦૦૭માં ટીસીજીએ ૧૦૪૧ કરોડ રૂપિયામાં બે એકર પ્લોટની ખરીદી કરી હતી. એફઆઈએફસી ટાવર ૬.૫ લાખ સ્કવેર ફુટના વિસ્તારમાં છે. સિટી બેંકે આ મહાકાય સમજૂતીને સમર્થન આપ્યું છે. ત્રણ વર્ષ અગાઉ સિટી બેંક આર્થીક મંદીના કારણે પતનના આરે પહોંચી જતા ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતું પરંતુ હવે ભારતમાં ઓપરેશન તીવ્ર બન્યું છે.

ટુજી કાંડમાં ચિદમ્બરમના પુત્રને સીધો લાભ મળ્યો

નવી દિલ્હી,તા. ૨૬

ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકર અને જનતા પાર્ટીના પ